# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 07-11-2025 Day: Friday Morning : 7.55 to 8.00 am**

આકાશવાણી ભુજ સમાચાર **વિરલ રાણા** વાંચે છે.

---

## પ્રધાનમંત્રી : વંદે માતરમ 150 વર્ષ

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે નવી દિલ્હીમાં રાષ્ટ્રીય ગીત "વંદે માતરમ" ના 150 વર્ષ પૂર્ણ થવાના સ્મૃતિ સમારોહનું ઉદ્ઘાટન કરશે. સોશિયલ મીડિયા પોસ્ટમાં, શ્રી મોદીએ કહ્યું કે, આજે દરેક ભારતીય માટે એક મહત્વપૂર્ણ દિવસ છે કારણ કે રાષ્ટ્ર વંદે માતરમના 150 ગૌરવશાળી વર્ષોની ઉજવણી કરશે. તેમણે આ ગીતને એક પ્રેરણાદાયક આહવાન ગણાવ્યું જેણે પેઢીઓને પ્રેરણા આપી છે અને દેશભરમાં દેશભક્તિની અમર ભાવનાને પ્રજ્વલિત કરી છે. પ્રધાનમંત્રી આ પ્રસંગે એક સ્મારક સ્ટેમ્પ અને સિક્કો પણ બહાર પાડશે. ઉજવણીમાં મુખ્ય કાર્યક્રમ સાથે સમાજના તમામ વર્ગના નાગરિકોની ભાગીદારી સાથે જાહેર સ્થળોએ "વંદે માતરમ" ના સંપૂર્ણ સંસ્કરણનું સામૂહિક ગાયન જોવા મળશે.

-------------------------------------------------------------------------------------

## વંદે માતરમ 150 વર્ષ ઉજવણી : રાજ્ય

આજે રાષ્ટ્રગીત વંદે માતરમના 150 વર્ષની ભવ્ય ઉજવણી થશે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં ગુજરાત વિધાનસભા પરિષદ રાજ્ય કક્ષાનો કાર્યક્રમ યોજાશે. જેમાં રાષ્ટ્રગીત વંદે માતરમના મૂળ સ્વરૂપના સહકાર સાથે સ્વદેશીના શપથ ગ્રહણ કરાશે. આ ઉપરાંત રાજ્યના વિવિધ પ્રભારી મંત્રીઓની ઉપસ્થિતિમાં જિલ્લાઓ ખાતે મહાનગર પાલિકાઓ ખાતે શાળા કોલેજો અને જિલ્લા પોલીસ કચેરીઓમાં ગ્રામ પંચાયત ખાતે પણ ઉજવણી કરાશે. આ ઉપરાંત રાજ્યના પોલીસ બેન્ડ દ્વારા પાટનગર ગાંધીનગર તથા જિલ્લાના મુખ્ય મથકના જાહેર સ્થળોએ રાષ્ટ્રગીત વંદે માતરમ તથા અન્ય દેશભક્તિ ગીતો આધારિત ધૂન પ્રસ્તુતિ

કરાશે. આ ઉજવણીને પગલે રાજ્યની સરકારી કચેરીઓનો સમય આજે સવારે 9:30 થી સાંજના પાંચને દસ સુધી રહેશે રાજ્યભરમાં જનજાગૃતિ અને આદિજાતિ ગૌરવના સંદેશ સાથે જનજાતિય ગૌરવ યાત્રાનો આયોજન કરાયું છે.

---

## નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી કચ્છ મુલાકાત

ભારત પાકિસ્તાન સરહદી ગામોની સીમાવર્તી સમીક્ષા અને સામાજિક આર્થિક સ્થિતિ તેમજ રહેણીકરણીથી અવગત થવા માટે બે દિવસની કચ્છની મુલાકાતે આવેલા રાજ્યના નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ સરહદી વિસ્તારનો વિકાસ સાકારની ઉચ્ચ પ્રાથમિકતા રહી છે તેવું છેવાડાનાં કપુરાશી ગામે ખાટલા બેઠકમાં ઉપસ્થિત રહેતા રાજ્યના નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું. કપુરાશી પહોંચેલા શ્રી સંઘવીને સરહદી ગામોના મોટી સંખ્યામાં ઉપસ્થિત ગ્રામજનોએ ઢોલના તાલે, સામૈયું તેમજ આરાધીવાણીનાં ભજન ગાઈ સ્થાનિક કલાકારોએ શબ્દોથી સન્માન કર્યું હતું. શ્રી સંઘવીએ પોતાનાં વક્તવ્યમાં સરહદી ગામોના લોકોનો સ્નેહ, આવકારથી હર્ષની લાગણી અનુભવી હોવાનું જણાવ્યું હતું. વિવિધ સમાજના અગ્રણીઓએ વિવિધ પ્રશ્નો લેખિતમાં નાયબ મુખ્યમંત્રીને આપ્યા હતા. ખેતી, આરોગ્ય, શિક્ષણ, પશુપાલન, સુરક્ષા સહિતના 40 જેટલા વિવિધ મુદ્દાઓને ધ્યાનમાં લઈ સરકાર દ્વારા પૂરતું ધ્યાન સરહદી વિસ્તારમાં આપશે તેવી વાત શ્રી સંઘવીએ કરી હતી. આ આગાઉ નાયબ મુખ્યમંત્રી હર્ષભાઇ સંઘવીએ ગઇકાલે લખપત ગુરુદ્વારા, લખપત કિલ્લા, માતાના મઢ, નારાયણ સરોવર, કોટેશ્વર વિવિધ સ્થળોની મુલાકાત લીધી હતી.

---

## ચૂંટણીપંચ મતણતરી સઘન સુધારણા કાર્યક્રમ

ભારતના ચૂંટણીપંચના આદેશ અનુસાર કચ્છ જિલ્લાના ૬ વિધાનસભા વિસ્તાર ૧. અબડાસા ૨. માંડવી, ૩.ભુજ, ૪.અંજાર, ૫.ગાંધીધામ અને ૬.રાપરમાં તા. ૧/૧/૨૦૨૬ની લાયકાતની તારીખોના સંદર્ભમાં ખાસ સઘન સુધારણા જાહેર કરવામાં આવ્યો છે. જે કાર્યક્રમના તબકકામાં કચ્છ જિલ્લાના કુલ ૧૮૪૮ મતદાન મથકોના બી.એલ.ઓ દ્વારા તા.૪ નવેમ્બર થી

૪ ડિસેમ્બર સુધી ઘરેથી ઘરે મુલાકાત કરીને કુલ ૧૬ લાખ ૯૦ હજાર ૫૮૪ મતદારો પાસે ગણતરી ફોર્મ-એન્યુમેરેશન ફોર્મ આપવાની કામગીરી શરૂ કરાઈ છે.

ઘરેથી ઘરેની આ મુલાકાત દરમિયાન મતદારોએ કોઈ પણ પ્રકારના દસ્તાવેજો આપવાની જરૂર નથી. મતદારયાદીમાં પોતાનું નામ તથા ૨૦૦૨ની મતદાર યાદી વેબસાઇટ **voters.eci.gov.in** પર ચકાસી શકાશે. મતદાર રજિસ્ટ્રેશન સંબંધિત કોઈ પણ માહિતી અને માર્ગ દર્શન માટે ૧૯૫૦ હેલ્પલાઈન પર સંપર્ક કરવાનો અથવા મતદારો બી.એલ.ઓ નો સંપર્ક કરી શકશે. આ સાથે જ કચ્છના નાગરિકોને મતદારયાદી સુધારણા કાર્યક્રમમાં ગણતરી ફોર્મ ભરવા અને સહયોગ આપવા જિલ્લા ચૂંટણી અધિકારી અને કચ્છ કલેક્ટર દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે તેવું નાયબ જિલ્લા ચૂંટણી અધિકારીની અખબારી યાદીમાં જણાવામાં આવ્યું છે.

---

## અકસ્માત

ભુજ તાલુકાનાં કોડકી ગામના માસિયાઈ ભાઈ-બહેન બાઈકથી તુલસીવિવાહમાં જવા નીકળ્યા હતા, પરંતુ માનકૂવા પાસે સ્કોર્પિયો ગાડીએ બાઈકને પાછળથી ટક્કર મારતાં બાઈક પાછળ બેઠેલી ૧૮ વર્ષિય યુવતીનું ગંભીર ઈજાનાં પગલે મૃત્યુ થયું હતું, જ્યારે આ અકસ્માતમાં તેના ભાઈને પણ ગંભીર ઈજા પહોંચતા આઈસીયુમાં સારવાર તળે રખાયા છે.

---